

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*હતાશા ખંખેરીને ઉત્સાહ રેડવો પડશે !*
*ને હિંમતની ફૂંકથી પ્રાણ પૂરવો પડશે !*
*કરવો પડશે સંજીવની પક્ષને જીવંત -*
*લોકશાહી રક્ષા કાજે ઢાલ બનવું પડશે...*

### હાઈકુ

*છે આવશ્યક -*
*જન જાગૃતિ માટે*
*વિરોધ પક્ષ...*

*કચડાયા સૌ*
*મોદી ટેન્કની નીચે -*
*વિરોધ પક્ષો...*

### ચિંતન

***ન તા નશન્તિ ન દભાતિ તસ્કરો નાસામા મિત્રો વ્યથિરા દધર્ષતિ ।***
***દેવાંશ્ચ યાભિર્યજતે દદાચિ ચ જ્યોતગિતાભિઃ સચતે ગોપતિઃ સહ ॥***

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાનદાન, સંસારનું સર્વશ્રેષ્ઠ દાન છે, કારણ કે ચોર તેને ચોરી શકતો નથી, કોઈ તેનો નાશ કરી શકતું નથી. તે સતત વધતું રહે છે. અને લાખો લોકોને સ્થાયી સુખ આપે છે. માનવી જેટલો સમજદાર છે તેનાથી વધુ તે અણસમજુ છે. પરમાત્માએ માનવીને એવું સુંદર મગજ આપ્યું છે, સમજવાની, વિચારવાની અને ચિંતનમનન કરવાની એવી શક્તિ આપી છે કે આજે તે જાદુઈ પટારા જેવું કોમ્પ્યુટર બનાવી શક્યો છે અનેક પ્રકારની શોધખોળ કરી સુખસાધનોને ઢગ ખડકી દીધો છે. પરંતુ જ્ઞાનનો સદુપયોગ કરવાની વિવેકબુદ્ધિ બહુ થોડા લોકોમાં હોય છે. વિદ્વાનોનું એ કર્તવ્ય છે કે અજ્ઞાનરૂપી અહંકારમાં ભટકતા સમાજને જ્ઞાનના પ્રકાશથી સાચો માર્ગ બતાવે. કોઈને રૂપિયા - પૈસા કપડાં લત્તાં કે ખાવા-પીવાનું આપવું એ બરાબર છે, પણ તેનો પ્રભાવ ક્ષણિક હોય છે. જ્ઞાનનું દાન સર્વશ્રેષ્ઠ દાન છે. તેનાથી માનવીને સાચો માર્ગ મળે છે. આ એક સ્થાયી સંપત્તિ છે. મનુષ્ય તેનો લાભ જીવનપર્યંત મેળવે છે, અને એની સાથે સાથે સંપત્તિમાં પણ વૃદ્ધિ થતી જાય છે. જ્ઞાનથી માનવીની સમજદારી વધે છે. સમજદારી વધે તો એની અંદર ઈમાનદારી વધે. ઈમાનદારી વધે તો માનવીમાં જવાબદારી આવે. જવાબદારી આવે તો તેમાં બહાદુરી આવે, આ ચારેય વસ્તુ એકબીજા સાથે જોડાયેલી છે.

### સુવિચાર

- પ્રેમ એ સમજણનું બીજું નામ છે - **પ્લેટો**
- સાચી મૈત્રી એ સ્વસ્થ તબિયત જેવી છે.
  એ બગડે છે ત્યારે જ આપણને એની કિંમત સમજાય છે - **હેન્રી આદમ્સ**
- પૂર્ણતા કરતાં પણ જેમાં મૌલિકતા હોય અને નવા પ્રદેશો ખોજવાની તત્પરતા હોય
  એનું નામ પ્રતિભા - **આર્થર કોલસર**
- પોતાની પત્ની ને માટે કોઈ પતિ મહાન નથી હોતો અને પતિને માટે પત્ની - **ચીની કહેવત**
- જિંદગીમાં તમને જે જોઈએ તે બધું જ મળી શકે,
  જો તમે બીજા લોકોને જોઈતું મેળવવામાં સહાયભૂત થઈ શકો - **અમૃતબિંદુ**
- વિચારવાથી અને અનુભવથી આપણને આપણી શક્તિનો અંદાજ આવે છે એ શક્તિ એવી છે,
  જેનાથી જગત પર શાસન થઈ શકે છે - **નેવિલ ગોર્ડ**
- આજનું ઔષધ : તમાલપત્રનું ચૂર્ણ એલચી પાઉડર સમભાગે લઈને અડધી અડધી ચમચી સવાર-સાંજ લેવાથી પ્રસૂતિ બાદ માતાના ગર્ભાશયની શુદ્ધી થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મગધના રાજા શ્રેણિક પરમધર્મનિષ્ઠ અને પ્રજાપ્રેમી હતા. એકવાર રાજાએ પર્યુષણ પર્વ નિમિત્તે રાજયમાં ઢંઢેરો પિટાવ્યો કે જે વ્યક્તિ જૈન ધર્મના માર્ગ પર ચાલશે. બધા નિયમોનું પાલન કરશે, સાચા શ્રાવક બનવાનું વ્રત ધારણ કરશે તેની પાસે રાજય કર લેવામાં નહીં આવે. આવી ઘોષણા થતાં જ કોઠા કબાડા કરનારા લોકો પણ પોતાને સાચા જૈન શ્રાવક ગણાવી આ કર રાહતનો લાભ લેવા લાગ્યા. રાજકોષની આવક ઘટી ગઈ. મંત્રીએ રાજાને કહ્યું, ‘રાજકોષની આવક ઘટી રહી છે. કારણ કે લોકો સાચા શ્રાવક હોવાનો ઢોંગ કરીને ગેરલાભ લઈ રહ્યા છે.’ રાજાને ચિંતા થઈ તેમણે ઉપાય વિચારવા મંત્રીને સૂચના આપી. મંત્રીએ કહ્યું, ‘રાજન, તમે ચિંતા ન કરો. આપણે અસલી-નકલી શ્રાવકની ઓળખ કરવાની યોજના બનાવીને તેમને ઓળખી લઈશું.’ મંત્રીએ પાટનગરમાં મોટા મેદાનમાં બે તંબુ લગાડવા કહ્યું. જેમાં એક તંબુનો રંગ સફેદ અને બીજા તંબુનો રંગ કાળો રાખવાની સૂચના આપી. મંત્રીએ નગરમાં ઢંઢેરો પીટાવી સૂચના અપાવી. કે જે વ્રતધારી જૈન શ્રાવક હોય ને સફેદ તંબુમાં બેસવાનું કહેવામાં આવ્યું અને અન્યો શ્રાવકને કાળા તંબુમાં બેસવાનું કહેવામાં આવ્યું. સફેદ તંબુ ખીચોખીચ ભરાઈ ગયો. રાજાને મંત્રી મેદાનમાં આવ્યા. સફેદ તંબુમાં સૌ બોલ્યા, ‘અમે સાચા શ્રાવક છીએ’ નો દાવો કર્યો. કાળા તંબુમાં ઓછા લોકો શાંતિથી બેઠા હતા. તેમને મંત્રીજીએ પૂછ્યું, ‘શું તમે સાચા જૈન શ્રાવક નથી?’ પેલા લોકો બોલ્યા. ‘અમે જૈન ધર્મના નિયમો અને ઉપદેશોનું પાલન કરવા પ્રયત્નો કરીએ છીએ પરંતુ જાણ-અજાણે કયાંક તો પાપકર્મ થઈ જ જાય છે.’

મંત્રીએ રાજાને કહ્યું, ‘રાજન, આ કાળા તંબુ વાળાને જ સાચા જૈન શ્રાવક કહી શકાય.’ રાજાએ સફેદ તંબુવાળા કપટી શ્રાવકોની બધી છૂટ અને કર રાહતો રદ કરી.

# પક્ષપલટાનું રાજકારણ : લોકશાહીની શરમ

**તંત્રીસ્થાનેથી...**

લોકસભામાં પ્રચંડ બહુમતી મેળવ્યા પછી સ્વાભાવિક રીતે જ ભારતીય જનતા પાર્ટીના નેતાઓ વધુ પડતાં ઉત્સાહમાં આવી જાય જે લક્ષ્યાંક વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મનમાં રાખેલો તેનાથી વધુ સારું પરિણામ મળ્યું છે. હવે એમનું જૂનું લક્ષ્ય દેશમાંતી કોંગ્રેસનો નેસ્તનાબુદ કરવાનું સિદ્ધ કરવા પોતે અને એમના પ્રાદેશિક આગેવાનો કામે લાગી જશે. કર્ણાટકમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવ્યા છતાં સરકાર નહીં બનાવી શક્યા એનો આઘાત ભાજપના હાઈકમાંડને સતત ખૂંચતો રહેતો હતો. લોકસભાની ચૂંટણી પૂર્વે જ કર્ણાટકની જેડીએસ-કોંગ્રેસ ગઠબંધન સરકારને ગબડાવવાના પ્રયાસો થતા રહ્યા હતા. પરંતુ પૂર્વ વડાપ્રધાન દેવગૌડાના હસ્તક્ષેપથી અને કોંગ્રેસ હાઈકમાંડની વિવેકશીલતાને કારણે પક્ષપલટો કરવા ઉત્સાહી એવા ધારાસભ્યો લોકસભાની ચૂંટણી સુધી ખમી ખાવા તૈયાર થયા હતા. હવે જયારે ખુદ દેવગૌડાની દાંડીડૂલ થઈ છે ત્યારે એમના પુત્રની મુખ્યમંત્રી પદની ગાડી સલામત રહે એ વાતમાં માલ નથી. પક્ષપલટા અથવા રાજયપાલોને સૂચના આપી સરકાર ઊથલાવવાની પ્રક્રિયા આ દેશની લોકશાહીનું કલંક છે, પરંતુ નથી એનો છોછ આદર્શવાદી અને સિદ્ધાંતનું પૂછતું ગણાતા પૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈએ દાખવ્યો કે નથી આજની ‘પાર્ટી વિથ ડિફરંસ’ સ્વરુપે જન્મેલી ભારતીય જનતા પાર્ટીના નેતાઓ રાખવાના. ગુજરાતમાં રાજયસભાની ચૂંટણી વખતે અહેમદ પટેલને હરાવવા માટે અમિત શાહે અને નરેન્દ્ર મોદીએ શંકરસિંહ વાઘેલાને હાથ ઉપર લઈને કેટલાક કોંગ્રેસી ધારાસભ્યોનો પક્ષપલટો કરાવ્યો હતો. અહમદ પટેલ સાથે ઘનિષ્ઠ સંબંધો ધરાવતા ધનકુબેર ધારાસભ્યને કોંગ્રેસનું દંડક પદ છોડાવી પાર્ટીના ઉમેદવાર બનાવ્યા હતા. એ પછી અસંતુષ્ટ કોંગ્રેસી ધારાસભ્યો કુંવરજી બાવળિયા અને જવાહર ચાવડા જેવા વગદાર નેતાઓને અને ઊંઝાનાં ધારાસભ્ય ડૉ. આશા પટેલને પક્ષપલટો કરવા પ્રેર્યા. આ તમામ પ્રકારની તોડફોડનો વાજબી ઠેરવવા એમને પાર્ટીમાંથી રાજીનામું અપાવી ભાજપે પોતાના પ્રતીક પર ચૂંટણી લડાવીનો જિતાડ્યા પણ ખરા. પ્રજાને એમાં કશું ખોટું ન વરતાયું તે આશ્ચર્યનો જ નહીં, સંશોધનનો પણ વિષય છે. સામાન્ય સંજોગોમાં પ્રજા પક્ષપલટું નેતાઓને જાકારો આપતી હોય છે પરંતુ ગુજરાતની ચૂંટણીમાં છવ્વીસે છવ્વીસ બેઠકો ઉપરાંત કોંગ્રેસમાંથી પક્ષપલટો કરી ભાજપનો ખેસ પહેરી લેનારા ચારેય ધારાસભ્યો વટથી ચૂંટાયા. કુંવરજી અને જવાહર ચાવડાને કેબિનેટમાં સ્થાન મળ્યું. આમ પ્રજામત એટલી હદે મોદી-પ્રભાવમાં છે કે એનો પક્ષપલટો કરનાર ધારાસભ્યોનું કૃત્ય વાજબી લાગ્યું છે. હવે ચૂંટણી સમયે પોતાને અન્યાય થઈ રહ્યાના મુદ્દા પર કોંગ્રેસ સાથે છેડો ફાડી નાખનાર ઠાકોર આગેવાન તથા રાધનપુરના ધારાસભ્ય અલ્પેશજી અને બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા - બેઉને ભાજપમાં વાજતે ગાજતે પ્રવેસ અપાવવાની પૂર્વભૂમિકા રચાઈ ચૂકી છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં બહુમતીથી થોડી જ દૂર રહી ગયેલી કોંગ્રેસ લોકસભાની ચૂંટણીવેળાએ લગભગ નામશેષ થઈ ચૂકી છે. ભાજપના નેતાઓ પડ્યા પર પાટુ મારવાની તક ઝડપી લઈ કેટલાક ધારાસભ્યોને પક્ષપલટા કરાવી કોંગ્રેસનું ધનોતપતોન કાઢી નાખવા કૃતસંકલ્પ છે. નૈતિક રીતે આ પગલું બરાબર નથી, પરંતુ તુલસીદાસે કહ્યું છે એમ ‘સમરથ કો નહીં દોષ ગુસાંઈ...’

# વાત જીવનમંચની નાયિકાની



## નવાં કલેવર

નટવર હેડાઉ

શાક માર્કેટમાં શાકભાજી વેચનારીઓ એવી બની ઠની, સુંદર શણગાર સજી, મેકઅપ કરીને બેસે છે કે ન પુછો વાત. જાણે કોઈ નાટકમાં અભિનય કરવા આવી ન હોય!

પ્રત્યેક ગ્રાહકને હંસીને, લળી લળીને બોલાવવા, લલચાવવા તે જાણે કે એમની રોજબરોજની આદતમાં છે. સાંજે સાડા સાતે એક દિવસ હું પણ શાકભાજી ખરીદવા જઈ પહોંચ્યો.

ઊંચા ઓટલે બેઠેલી એક શાકવાળી બહુ સુંદર મનમોહક લાગી. વાત કરવાની ઢબ, સ્મિત અને અભિનત સાથેને લહેરો હું તો જોતો જ રહી ગયો.

‘આવો સાહેબ.... આવો... જૂઓ કેવાં સરસ તાજાં શાકભાજી છે. સાહેબ ન લેવા હોય તો ન લેતા પણ એક વાર જોતાં તો જાવ.’

હું તેના ઓટલાની પાસે પહોંચ્યો. તે હલકા હાથે શાકભાજી પર પાણીનો છંટકાવ કરતી હતી. શાકભાજી પર નજર ફેરવી તો મોટા ભાગનું શાક છંટાઈને વીંટાઈને જતું રહ્યું હતું. બાકી જે શાકભાજી હતાં તેના પર માખીઓ સેમ્પલ ટેસ્ટ લઈ રહી હતી. પાણીના છંટકાવ છતાં તે સહેજ ઉડતી પણ ન હતી. હું ઘડીક તેની સામે તો ઘડીક શાકભાજી સામે જોતો હતો.

તે બોલી ‘કેમ છો સાહેબ.... શું ચાલે છે. હમણાં તો ઘણાં દિવસે દેખાયા. તાજા શાકભાજી ખાવાનું છોડી દીધું છે કે શું ? કે પછી ચટણી - અથાણામાંથી ચલાવી લો છો.’

હું વિચારમાં પડ્યો. કેમકે શાકભાજી લેવા મોટા ભાગે તો મારી પત્ની જ જાય છે. તો પછી આ આવી રીતે વર્ષોની ઓળખાણ હોય તેમ વાત કઈ રીતે કરે છે.

કદાચ મને ઓળખવામાં તેની કોઈ ગેરસમજ થઈ ગઈ હોવી જોઈએ.

મેં કહ્યું ‘ના... ના.... એવું તો કંઈ નથી. ગામડે ગયેલા ત્યાંથી શાકભાજી લાવેલ તેનાથી હમણાં ચાલતું હતું. વાળી વચ્ચે દાળ ન એવું બધું... મોંઘવારી કેટલી વધી ગઈ છે.’

તેના થડા પર એટલી ભીડ થઈ રહી હતી કે વાત જ ન પૂછો. કૉલેજીયન યુવાનો તેને ત્યાં જ શાક વીણતા નજરે ચડતાહતા. વરણાગીયા યુવાનો જોતાં કયાંક અને શાક લેતાં કયાંય... તે જ વખતે બે યુવાનો મોટર સાયકલ પર આવ્યા. એક બોલ્યો. ‘હાય... શું માલ છે.’ બીજા મિત્રએ જે શાકભાજી લેતો હતો. તેને કહ્યું, ‘અરે ! શાકભાજીને શું જુએ છે જરા ઉંચે નજર કરી શાકવાળીને જો.’ પછી બોલ્યો. ‘હાય... એકવાર... જો.’

શાકવાળી તેના તરફ હસી પડી. ઊભી થઈ જરા લટકો-મટકો કરી અવથી બોલી. ‘મોટર સાયકલથી નીચે તો ઊતરો.’

બંને યુવકો થડા પર આવ્યા. જોત જોતામાં બસો રૂપિયાનાં શાકભાજી લગભગ સડેલાં હતા તેમાંથી વીંણી વીંણીને લઈ ગયા.

મેં હિંમત કરીને શાકવાળીને પૂછ્યું, ‘બાઈ, આટલો મેકઅપ, લટકા ઝટકા શું કામ કરે છે. હમણાં પેલા છેલબટાઉ છોકરાઓ કેવું બોલીને ગયા છતાં તે...’

તે બોલી ‘સાહેબ મારી કેટલી મોટી મજબુરી છે ઘરમાં વૃદ્ધ સાસુ સસરા, અપંગ પતિ ઉપરાંત પાંચ બાળકોનું ભરણપોષણ કરવાનું, તેમને ભણાવવાના ખર્ચા. આટલું બોલતાં બોલતાં તેનતી આંખમાં જળજળીયાં આવી ગયાં.’

હું આમ ન કરું તો મારાં શાકભાજી કોણ લેશે. મેં પણ શાક ખરીદ્યું અને તેની પીડાથી દ્રવિત થતો ઘેર પાછો ફર્યો.

# સિદ્ધિના શિખરો ઉપર રહીને પણ જમીન સાથેના રિશ્તા કાયમ



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક દિવસ એક ફૂટડો, તરવરિયો, ઉત્સાહથી છલોછલ ભરેલો, લુહારની ધમણની આગની જેમ ધગધગતો ધગશવાળો યુવાન એક જાહેર ક્ષેત્રની બેન્કમાં જઈને એક અધિકારીને મળ્યો. એ યુવાનને આગળ ઉચ્ચ અભ્યાસ માટે ધીરાણની જરૂરિયાત હતી. એ યુવાન સાથે વાતચીત કરતાં અધિકારીને જાણવા મળ્યું કે એ જે શિક્ષણ ક્ષેત્રમાં અભ્યાસ કરવા ઈચ્છતો હતો એ ક્ષેત્ર એ સમયે ખૂબ જ ઓછું ખેડાયેલું હતું. અભ્યાસ પૂરો કર્યા પછી પણ એ ક્ષેત્રમાં કારકિર્દી વિષે ઘણી બધી અનિશ્ચિતતાઓ હતી. યુવાનના મા-બાપના મનમાં પણ એવી જ અવઢવ હતી. તેના મા-બાપને એવી પણ ચિંતા હતી કે પોતાના ગમતા ક્ષેત્રમાં દીકરો જો પોતાની કારકિર્દી બનાવી ના શકયો તો લોન કેવી રીતે ભરપાઈ કરી શકશે?

આમ છતાં યુવાનની તીવ્ર ઈચ્છા, તેની કુશળતા અને જે ક્ષેત્રમાં એ યુવાનને અભ્યાસ માટે જવું હતું એ ક્ષેત્રમાં આગળ વધવાની યુવાનની ઉત્કંઠા જોઈને બેન્કના અધિકારીએ મનોમન નક્કી કર્યું કે કોઈપણ સંજોગોમાં એ યુવાનને ધિરાણ આપવું છે. બેન્કના નિયમો પ્રમાણે થોડી અડચણો હતી, થોડી મુશ્કેલીઓ હતી, ઉચ્ચ અધિકારી કે જેમને ધિરાણ મંજૂર કરવાની સત્તા હતી તેમને પણ આ ક્ષેત્રમાં અભ્યાસ માટેના ધિરાણ આપવા માટે સમજાવવાના હતા, એ બધી જ અડચણો પાર કરીને, નિયમમોમાં પણ થોડી બાંધછોડ કરીને એ અધિકારીએ વ્યક્તિગત રસ લઈને ધિરાણ મંજૂર કરાવ્યું અને એ યુવાને પોતાની ઈચ્છિત શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ શરૂ કરી દીધો.

યુવાનની પસંદગીનું એ શૈક્ષણિક ક્ષેત્ર હતું ‘એનિમેશન ફિલ્મ મેકિંગ એન્ડ ડાયરેકશન.’

યુવાને ખંતથી અભ્યાસ કર્યો. અભ્યાસકાળ દરમ્યાન કેટલીક ‘શોર્ટ ફિલ્મ્સ’ બનાવી જે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં નોમિનેટ થઈ અને કેટલાક પારિતોષિકો પણ જીત્યા. અભ્યાસ પૂરો કર્યા પછી એ યુવાને પોતાના એ જ મનગમતા ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરી. અભ્યાસ માટે લીધેલી લોન સમયસર ભરપાઈ કરી દીધી.

એ યુવાને ફિલ્મ નિર્માણ અને દિગ્દર્શનમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને સત્ય ઘટના ઉપર એક સુંદર અને કલાત્મક ફિલ્મ બનાવી. એ ફિલ્મને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઘણા ફિલ્મ સમારોહમાં પ્રદર્શિત થઈ અને પરિતોષાકો જીત્યા. એ ફિલ્મ જ્યારે સિનેમાઘરોમાં પ્રદર્શિત થઈ ત્યારે વિવેચકોએ પણ ખૂબ પ્રસંશા કરી.

એ જ યુવાનની બીજી મહત્વકાંક્ષી ફિલ્મ બની. ગુજરાતનાં ખૂબ જ ઓછા જાણીતા, એક અદના પણ ઊંચા ગજાના ચિત્રકાર કે. આર. યાદવના જીવન સંઘર્ષને રજૂ કરતી સત્યઘટના પર આધારિત એક ફિલ્મની નિર્માણ કર્યું. એ ફિલ્મપણ સિનેમાઘરોમાં રજૂઆત પામે એ પહેલા જ, પહેલી ફિલ્મની જેમ જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઘણા ફિલ્મ સમારોહમાં પ્રદર્શિત થઈ અને પરિતોષિકો જીત્યા.

યુવાને પોતાના અભ્યાસ માટે જાહેર ક્ષેત્રની બેન્કમાંથી ધિરાણ લીધું હતું એ વાતને આ વાતને વર્ષોના વહાણા વીતી ગયા. પેલા અધિકારી કે જેમણે ધિરાણ આપવા માટે અંગત રસ લીધો હતો એ વાત તેમના માટે રૂટિન હતી એટલે તે પણ એ ઘટનાને ભૂલી ગયા હતા.

વ્યક્તિ જયારે પોતાની કારકિર્દીના ઊંચા શિખરો તરફ ચઢાણ ચડતી હોય છે અથવા તો એ શિખરો સર કરતી હોય છે, પોતે આસમાનમાં ઊંચી ઉડાન ભરતી હોય છે, નામ, શાન અને શોહરત કમાતી હોય છે ત્યારે તેમના પગ આસમાનની સાથેસાથે જો જમીન ઉપર પણ રહી શકે તો એ વ્યક્તિનું વ્યક્તિત્વ પણ ઊંચા શિખર જેટલું ઊંચું ગણી શકાય.

વિખ્યાત શાયર વાસીમ બરેલવીએ લખું છે;

મિલી હવાઓંમે ઉડનેકી વો સઝા યારોં
કે મૈ જમીનકે રિશ્તોંસે કટ ગયા યારોં

એ યુવાન કઈક જુદી માટીનો ઘડાયેલો હતો. માતા વ્યવસાયે શિક્ષક હતા અને પિતા પણ પ્રમાણિક સરકારી અધિકારી હોવાને કારણે તેના જીવનમાં બાળપણથી જ સંસ્કારોનું એવું સિંચન થયેલું કે તે પોતાના પાયાના, મૂળ જમીનના રિશ્તાઓથી વિમુખ થઈ ના શકે.

એ યુવાનની પહેલી ફિલ્મ જ્યારે નિર્માણ પામી જેની રજૂઆત પહેલા ઘણા પારિતોષિકો મળી ચૂક્યા હતા તેના એક ભવ્ય પ્રીમીયર શોનું આયોજન કર્યું હતું. એ યુવાને પેલા બેન્ક અધિકારી કે જેમણે તેને ધિરાણ આપવા માટે વ્યક્તિગત રીતે મહેનત કરી હતી તે અધિકારીને સોસિયલ મિડીયા દ્વારા શોધી કાઢ્યા. એ યુવાને એ અધિકારીને પ્રીમીયર શોમાં પધારવા ભાવભીનું નિમંત્રણ આપ્યું. જ્યાં જ્યાં તેને તક મળી ત્યાં પોતાના વર્તુળમાં એ અધિકારીની યજ્ઞ રીતે ઓળખાણ કરવી. ત્યાર પછી પણ તેમની સાથે સતત સંપર્કમાં રહીને તેમની સાથે સંબંધો જાળવી રાખ્યા, સંબંધો નિભાવી જાણ્યા.

એ યુવાને દિગ્દર્શિત કરેલી પહેલી ફિલ્મ હતી ‘રોલ નંબર ૫૬’ અને બીજી ફિલ્મ હતી ‘પાત્ર’. બીજી ફિલ્મ ‘પાત્ર’ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં પ્રદર્શિત થશે. એ યુવાને નિર્માણ અને દિગ્દર્શન કરેલી બંને ફિલ્મો ગુજરાતી ભાષામાં બની અને બંને ફિલ્મો થકી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને જ નહીં, ગુજરાતીઓ અને ગુજરાતી ભાષાને પણ ગૌરવ મળ્યું. એ યુવાન એટલે બીજું કોઈ નહીં પણ રાજકોટના હોનહાર ફિલ્મ દિગ્દર્શક ભાવિન ત્રિવેદી.

કોઈપણ વ્યક્તિ પોતાના ભૂતકાળ સાથેનો નાતો તોડીને, પોતાનાં મૂળ છોડીને, પોતાની મૂળ હેસિયત ભૂલી જઈને વર્તમાન કે ભવિષ્યને ઉજ્જવળ બનાવી ન શકે. એ જો પ્રયત્ન કરે તો આંશિક સફળતા કદાચ મળે, પણ લાંબા સમયે તે નિષ્ફળ જાય છે. કોઈપણ વ્યક્તિ કઈ કેટલાયે લોકોના સાથ-સહકારથી આગળ આવી હોય છે. પોતાની કારકિર્દીના ઘડતર દરમ્યાન પોતાને જે કોઈએ સાથ-સહકાર આપ્યો હોય તેને ના ભૂલે તો એ વ્યક્તિની વિનમ્રતા છે. વ્યક્તિ પોતાની પ્રગતિનાં મૂળ, પોતાના ભૂતકાળ સાથે સારી રીતે જોડાયેલી રહે તો, અને તો જ તેનો તેના મિત્રો, સાથીઓ, સ્નેહીઓ, કુટુંબીજનો અને સમાજ સાથે નાતો જળવાઈ રહે છે. નહિતર વસીમ બરેલવિનાં પેલા શેર જેવી પરિસ્થિતી બને છે કે હવામાં ઉડવાની સજા એ મળી કે જમીન સાથેના મારા સંબંધો તૂટી ગયા.



## થોટ

નટવર આહલપરા

### મૈત્રી-મૃદુતા

મૈત્રી અર્થાત્ સખ્ય, ભાઈબંધી, સખાપણું. મિત્ર, સખા, ભેરું, ભાઈબંદ, દોસ્ત કેટકેટલાય નામ મિત્રતા માટે આપી શકાય. મૈત્રી બંને પક્ષે પારદર્શક, નિખાલસ, પવિત્ર અને મૃદુતાસભર હોવી જોઈએ.

મૈત્રી કૃષ્ણ-સુદામાની, મૈત્રી અર્જુન-કૃષ્ણની કોઈ સ્વાર્થ વિના મિત્ર માટે જાનની બાજી લગાવનારા ઓછા નથી. અને એટલે જ કહી શકાય કે,

મિત્ર એસા કિજિયે જો ઢાલ સરીખા હોય
દુઃખમેં આગે રહે ઔર સુખમેં પીછે હોય

ઢાલ જેવો મિત્ર-હંમેશાં દુઃખમાં આગળ હોય છે અને સુખની પરવા કરતા નથી. એમ પણ મુક્તકમાં કવિ કલાપી કહે છે કે,

શેરી-મિત્રો સો મળે, તાળી-મિત્ર અનેક
જેમાં સુખ-દુખ વામીએ, સો લાખનમાં એક.

શેરીમાં તો અનેક મિત્રો મળે છે. હાથતાળી દઈ છેતરનારા પણ ઘણાં હોય છે. જે સુખ દુઃખને સમજી શકે એવો મિત્રતો લાખમાં એકાદ જ મળે છે.

‘મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે.’ આ મૈત્રી માટેની મૃદુતા સભર ઉમદા પંક્તિ છે. આપણે એમ કહી શકીએ કે, ‘પ્રભુ ! મને ધન નહિ મળે તો ચાલશે, સુંદર ઘર પર નહિ મળે તો ચાલશે; માત્ર સજ્જન મિત્રનો સંગ આપીશ તો હું તારો ઉપકાર માનીશ.’

ગુણવંત શાહનું સુભાષિત પ્રેરક છે. ‘અર્જુન એટલે મૂર્તિમંત ઋજુતા, મૃદુતા, એ તો પૂર્ણ પુરુષોત્તમ એવા કૃષ્ણનો અધૂરો છતાં મધુરો સખા હતો.’

# આંતરિક અને બાહ્ય જગતનું વિષય પાન

આપણી બાહ્ય અને આંતરિક જગત આપણામાં એક વિશ્વ છે જેમાં સરળ ભાષામાં કોઈ ભૌતિક વસ્તુનું સ્વરુપ બો વકત બને છે. જેમાં વિશ્વના વૈજ્ઞાનિકો આલ્બર્ટ આઈન્સ્ટાઈન, એલેકઝાન્ડર ગ્રેહામ બેલ, થોમસ આલ્વા એડીસન, ચાર્લ્સ બેબેજ અને સ્ટીફન હોકિંગની શોધ પ્રથમ આંતરિક જગતમાં થાય એન તેનું સ્વરુપ બાહ્ય જગતમાં થાય અને તેનું સ્વરુપ બાહ્ય જગત નિરુપમ થાય છે. બંનો વિશ્વ એકબીજાથી અલગ જે પરસ્પર એક અરીસાના ચિત્ર જેવા છે. આનો અર્થ એ થાય કે જો અરીસા સામેની વસ્તુ વાસ્તવિક હોય તો ચિત્ર



અવાસ્તવિક છે. દાતઃ જે સ્વરુપ મોબાઈલ, કેમેરો અને વીડિયો કઈ પણમાં ચિત્રણ થાય અથવા ભૌતિક રચનામાં પરિણામે તે બાહ્ય જગત કહેવાય. લોકો તેમની સાથે કામ કરવા સક્ષમ હોય તેટલું વાસ્તવિકતા વિચારથી સ્વતંત્રતા ધરાવે છે. જો વાસ્તવિક અને અવાસ્તવિક શબ્દો અસ્થાયી સાથે બદલવામાં આવે તો અર્થ બદલાઈ જાય છે. દાતઃ અરીસા પહેલામાં હેતુમાં વાસ્તવિક વસ્તુ પણ અસ્થાયી હોય છે, જો તેની સાથે સંકલાયેલ કાયમી વસ્તુ કંઈ પણ હોય તો તેના મૂલ્ય કરતાં ઓછું હોય છે. જે બાહ્ય અને આંતરિકની જગત વચ્ચેનો આ તફાવત છે.

સર્જનાત્મક વિજ્ઞાનને આપણે વાસ્તવિક જગતમાં અસ્થાયી અને કાયમી વિશ્વને ભિન્ન કરવા માટે આપણાં સ્વયંને સમજીને વિશ્વાસ કરીએ છીએ. આ માટે માનવ બનવા અને સમાધાન જાળવવા માટે આપણે વિકસિત સમાજનું શાસન પદ્ધતિની રચના કરી છે જયાં આપણે શક્તિને લાલચ જોઈ શકીએ છીએ. આપણું વિજ્ઞાન અદ્યતન અને વધુ સારું સુખાકારી જીવન જીવવા માટે જરૂરી કરતાં વધુ આરામદાયક સ્થિતિનું નિર્માણ કરેલ છે.

આંતરિક અને બાહ્ય જગત વચ્ચેનું પરસ્પર બે સમાનતાની ઈચ્છાની શોધ કરીએ.

## જીવન દર્શન

ચિરાગ એસ જાની

**બાહ્ય જગત :**

આજે આપણે કુદરતી સંશાધનનો ઉપયોગ કરી આપણી પેઢીઓના લાભ માટે સંરક્ષણની વિચારણા કરી રહ્યા છીએ અથવા તેની સાથે કુદરતી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ.

**આંતરિક જગત :**

આજે વધુ પડતી ભૌતિક અને માનસિક સુખ માટે ઉર્જાનો તો વધુ પડતા ઉપયોગ કરી ઉચ્ચત્તમ બૌદ્ધિક અને આધ્યાત્મિક ઊર્જા સાથે જોડાવાની તક ગુમાવી રહ્યાં છીએ. ઊંચા ઉર્જાના સ્વરુપ સાથે જોડવું એ કુદરતી પ્રાકૃતિક સંતુલન બનાવશે જ.

**બાહ્ય જગત :**

આપણી શક્તિ નો લાભ એ આપણું પોતાનું કાયદો બનાવવું અને અહંકાર પૂરું કરવાનો છે. જે રાજકારણમાં મર્યાદિત નથી પરંતુ કોઈ પણ પ્રકારની સંસ્થા અથવા વ્યવસાયમાં પણ જોડાયેલ છે.

**આંતરિક વિશ્વ :**

આપણામાં શુદ્ધ અને પવિત્ર આત્માએ ભગવાન અથવા દૈવિક સર્જકનો ભાગ તથા તેની સમકક્ષ ક્ષમતા ધરાવતો હોવાથી તેની પાસે વિશાળ શક્તિ છે. જે જાણતા હોવાથી વિજ્ઞાન તેને દિવસે-દિવસે અવગણી શકે છે. જયારે આપણે આત્મા સાથે આપણો આત્મા જોડાતા સ્વાર્થની ભાવના દૂર થાય છે. જે સર્વવ્યાપી શક્તિ જાણીતી આપણા મહાન યોગીઓને ધરાવતા હતા. આ સંભવિત શક્તિ પ્રકૃતિમાં ભૌતિક, નાણાંકીય અથવા સત્તામાં શક્તિ તરીકે અસ્થાયી છે.